તસવીર-એ-બયાં

ભાટી એન.

રાજસ્થાનનું પરંપરાગત સપેરા નૃત્ય

રાજસ્થાની પરંપરાગત વાનગીઓ, લોકકળા અને લોકગીતો પોતાની આગવી ઓળખ ધરાવે છે. તેમના ફેસ્ટિવલ માઈન્ડબ્લોઈંગ ખરા. રાજસ્થાન આમેય લોકકળાનો ભંડાર છે. તેનું સૌંદર્ય નિરખવા દેશ-વિદેશના સહેલાણીઓ દૂર-દૂરથી રાજસ્થાન આવે છે. આ મરુભૂમિના સાચા હીરા જેવા કલાકારો પોતાની કલાને ઢબૂરીને બેઠા છે. તેને નિરંતર ઉજાગર કરતા આવે છે. મીઠી મધુર ભાષામાં ગવાતાં રાજસ્થાની લોકગીતો અનેરો આનંદ આપે છે. ઢોલક, નગારાં, પૂંગી ને પેટીવાજાના તાલે નારી કલાકાર રંગબેરંગી વસ્ત્રોમાં ઘેરદાર ઘાઘરો ઘુમાવતી વાહ વાહી મેળવે છે. રાજસ્થાનના કલાકારો રંગીન પાઘડીમાં સજ્જ ને અંગરખા અને ધોતીમાં લાજવાબ લાગે છે. રાજસ્થાનનું સપેરા નૃત્ય એક વાર નિહાળશો તો મરુભૂમિની લોક સંસ્કૃતિની સુવાસ આપને ચોક્કસ આવશે.

આ રણ, જળ અને જંગલના રહસ્યો જાણો છો?

દુનિયામાં એવી કેટલીયે રહસ્યમયી જગ્યાઓ છે જેનાં રહસ્ય આજેય વણઉકેલ્યાં જ છે. બરમૂડા ટ્રાયેન્ગલ જેવી જગ્યાઓ વિશે તો મોટાભાગના લોકો જાણે છે, પરંતુ આજે દુનિયાની એવી જગ્યાઓ વિશે જાણીએ જ્યાંના રહસ્યથી પણ લોકો અજાણ છે.

• યે કૌન કલાકાર હૈ...:

પેરુના દક્ષિણમાં આવેલા નાજકા રણમાં સપાટી પર નાઝકા લાઈન્સ તરીકે ઓળખાતી એવી સંરચનાઓ બનેલી છે, જેને જોઈને લોકો આંગળાં ચાવી જાય. આમાંથી કેટલીક મનુષ્ય, વૃક્ષ-છોડ કે જાનવરોની છે. આ સિવાય લાંબી સીધી રેખાઓ ખેંચેલી જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે ઈ.સ. પૂર્વે200થી આ સંરચનાઓ બનેલી છે જે આશરે 500 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી છે. તેને રણમાં ઊભા રહીને જોવી મુશ્કેલ છે, પરંતુ હેલિકોપ્ટરમાંથી તે સ્પષ્ટ જોઈ શકાય છે. એવી પ્રબળ માન્યતા છે કે આટલી જૂની સંરચનાઓ આદિવાસીઓએ જ બનાવી હશે. તો પ્રશ્ન એ થાય કે તેમણે આ કેવી રીતે બનાવી હશે? તે બનાવવાનો મતલબ શું હતો? તેનો કોઈ ચોક્કસ જવાબ મળ્યો નથી. વળી, સ્થાનિક લોકોમાં એવી માન્યતા છે કે અહીં બીજા ગ્રહ પરથી યુએફઓ ઊતર્યા હતા જેને કારણે આવી સંરચનાઓ બની હતી. જો કદાચ આવું બન્યું હોય તો ક્રોપ સર્કલ્સ જેવા સર્કલ્સ બને કોઈ જાનવર કે કીડાઓની આટલી મોટી આકૃતિ બને! ગમે તે હોય સંરચનાઓ જોઈને એક વિચાર તો મનમાં ઘૂમ્યા જ કરશે કે આખરે આ બનાવનાર કલાકાર કોણ હશે?

• ખારા પાણીની વહેતી નદી:

ખારા પાણીનાં સરોવરો કે તળાવો તો છે, પણ ક્યારેય ખારા પાણીની વહેતી નદી જોઈ છે? તે પણ કાચ જેવી સાફ. આવો નજારો પ્રશાંત મહાસાગરની નજીકમાં ફિલિપાઈન્સના મીંડાનાઓ આઈસલેન્ડમાં વહેનારી ધ હિનટુઆન ઈન્ચૈનટેડ નામની નદીની આસપાસ વનસ્પતિઓનો ભંડાર છે. નદીનું વહેતું પાણી ખારું છે તે તો આશ્ચર્યની વાત છે જ, પણ તેનું ઉદ્ગમ સ્થાન ક્યાં છે તે કોઈ જાણી કે અંદાજો લગાવી શક્યું નથી. વળી, અહીં પાણીનો કોઈ સ્ત્રોત, ગ્લેશિયર જેવું કશું છે પણ નહીં કે જ્યાંથી પાણી આવે.

માનો યા ના માનો

પ્રશાંત પટેલ

1945માં શિકારીઓનો આખો સમૂહ બેનિંગ્ટન ટ્રાયેન્ગલે ગયો હતો, પરંતુ કોઈ પાછું ન આવ્યું

• બેનિંગ્ટન ટ્રાયેન્ગલ:

અમેરિકાના વેરમોન્ટમાં જંગલ વિસ્તારમાં આવેલી બેનિંગ્ટન ટ્રાયેન્ગલ નામની જગ્યા છે જે જેટલી સુંદર દેખાય છે, તેટલી જ ખતરનાક પણ છે. આ જગ્યા સાથે જોડાયેલા અસંખ્ય કેસોની તપાસ આજેય ચાલુ છે. 1945માં શિકારીઓનો આખો સમૂહ આ જગ્યાએ ગયો હતો, પરંતુ કોઈ પાછું ન આવ્યું. બધા રહસ્યમયી સંજોગોમાં ગાયબ થઈ ગયા. ત્યારબાદ પાઉલા વેલ્ડન નામની એક છોકરી આ જગ્યાએ પહાડો પર ફરવા ગઈ હતી તે પણ ક્યાંક ગાયબ થઈ ગઈ. 1950માં એક મહિલાએ જંગલમાં આવેલી આ જગ્યાએ જવાની ભૂલ કરી હતી તો તેનું પણ મોત થઈ ગયું હતું. જોકે, મરનારનું શબ મળ્યું હોય તેવો આ પહેલો કિસ્સો હતો. આ લાશને આધારે ઘણી શોધખોળ હાથ ધરવામાં આવી, પરતું કંઈ હાથ ન લાગ્યું. જંગલમાં આવનારા કેટલાક લોકોનું માનવું છે કે અહીં બિગ ફૂટ રહે છે. તે જ લોકોને મારીને ખાઈ જતો હશે. જ્યારે કેટલાક કહે છે કે આ કામ એલિયન્સનું જ છે. તેઓ જ જંગલમાં આ જગ્યાએ આવનારા લોકોને હંમેશને માટે ગાયબ કરી નાખે છે. ■

prashantvpatel2011@gmail.com

સફળતા માટે ત્રણ શબ્દોનું પ્રિસ્ક્રિપ્શન

મેનેજમેન્ટની ABCD

બી.એન. દસ્તૂર

વી સમી સદીના સર્વોત્તમ સીઈઓ (CEO) બિરુદ મેળવનાર, જનરલ ઈલેક્ટ્રિકના જેક વેલ્શ સાહેબે એક ત્રણ શબ્દોનું પ્રિસ્ક્રિપ્શન બનાવ્યું છે.

- ઝડપ (Speed)
- આત્મવિશ્વાસ (Self-confidence)
- સરળતા (Simplicity)

• સ્પીડ: અનુભવ્યું છે કે ઝડપથી અમલમાં મૂકવામાં આવેલો નબળો નિર્ણય, ખૂબ સમય લઈને અમલમાં મૂકવામાં આવેલા સબળા નિર્ણય કરતાં બહેતર સાબિત થાય છે.

ઈન્ફર્મેશન ઓવર લોડના આજના જમાનામાં નિર્ણયો 'પૂરતી' માહિતીને આધારે જ લેવા જોઈએ. 'સંપૂર્ણ' માહિતી એકઠી કરવી આજે અશક્ય છે. કોઈ સાવ સાધારણ વિષય ઉપર તમારું કમ્પ્યૂટર છ આંકડાઓમાં સાઈટ ખોલી શકે છે.

જે કંપની આજે ટકી શકે છે, પ્રગતિ કરી શકે છે તે આજના ગ્રાહકની ખૂબ ઝડપથી બદલાતી જરૂરિયાતો, અપેક્ષાઓ અને આકાંક્ષાઓ સાથે કદમ મેળવી શકે છે.

'હમ હોંગે કામિયાબ' અને 'ઈતની શક્તિ હમેં દેના દાતા' ગાવાથી આત્મવિશ્વાસ નથી આવતો કે નથી વધતો. આવડત, માહિતી, જ્ઞાન, અનુભવ અને પ્રતિભાની ગેરહાજરી આત્મવિશ્વાસને ખાડે લઈ જશે

તમારે તમારી સિસ્ટમ્સ અને પ્રોસેસીસ ઉપર બાજ નજર રાખવી પડશે. જે નકામું છે તેને ફેંકી દેતાં શીખવું પડશે.

• સિમ્પ્લિસિટી: આજની સંસ્થાઓ ખૂબ જ અટપટી (Complex) છે.

પોતાનાં ધ્યેયો પાર પાડવા કંપની કર્મચારીઓને અલગ અલગ ગ્રૂપમાં વહેંચે છે, પણ વાસ્તવમાં દરેક ગ્રૂપનો પોતાનો અંગત એજન્ડા હોય છે. કંપનીમાં રિસોર્સિસ હંમેશાં શોર્ટ-સપ્લાયમાં હોય અને એનો મોટો હિસ્સો મેળવવા દરેક ગ્રૂપ કરવા જેવું કે ન કરવા જેવું કામ કરી બેસે છે.

આમ છતાં તમારે સંસ્થાની અસરકારકતા વધારવા માટે કમ્યુનિકેશનમાં, પ્રોસિજરોમાં, પ્રોસેસમાં સરળતા લાવવી પડશે. મેનેજમેન્ટનાં લેયરો ઓછાં કરવાં પડશે.

વિઝન, સ્ટ્રેટેજી, પ્લાન, પ્રોસેસ સમજી શકાય એવી ભાષામાં દરેક લેવલના કર્મચારીને સમજાવતા રહેવાથી સિમ્પ્લિસિટીનું કલ્ચર બનશે.

• સેલ્ફ-કોન્ફિડન્સ: આત્મવિશ્વાસનાં ઈન્જેક્શનો આવતાં નથી. 'હમ હોંગે કામિયાબ' અને 'ઈતની શક્તિ હમેં દેના દાતા' ગાવાથી આત્મવિશ્વાસ નથી આવતો કે નથી વધતો.

આવડત, માહિતી, જ્ઞાન, અનુભવ અને પ્રતિભાની ગેરહાજરી આત્મવિશ્વાસને ખાડે લઈ જશે.

કાંઈક કરવા અને કરી બતાવવા માટે કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા પડશે.

ઉદ્યોગોની દુનિયામાં શું થઈ રહ્યું છે તેના ઉપર બાજ નજર રાખી સમય પારખીને જરૂરી પરિવર્તનો લાવવાં પડશે.

જરૂરી રિસોર્સ એકઠા કરવાથી આત્મવિશ્વાસ વધશે, પણ એ રિસોર્સને વાપરવાની પ્રોસેસ શીખવી અને શીખવવી પડશે.

સાચા જવાબો મેળવવા સાચા સવાલો પૂછવા પડશે. દા.ત. મારે શું કરવું જોઈએ? એવો સવાલ પૂછવાને બદલે પૂછવું પડશે. 'શું કરવાની જરૂર છે?' 'વધારાના રિસોર્સ ક્યાંથી લાવવા?' એ પૂછવાને બદલે પૂછવું પડશે. 'જે રિસોર્સ છે તેનો મહત્તમ ઉપયોગ કઈ રીતે કરવો?'

સંસ્થા પ્રગતિ કરતી હોય ત્યારે આત્મવિશ્વાસ ઉપર નિયંત્રણ રાખવું ખૂબ જરૂરી છે.

આત્મવિશ્વાસની ઊણપ અને આત્મવિશ્વાસનો અતિરેક તમને અને તમારી સંસ્થાને નુકસાન કરી બેસશે. સાચવશો.

થોરામાં ઘનું સમજશો. ■

baheramgor@yahoo.com

ફોટૂન - વિનુ વિચિત્ર

ક્રોસવર્ડ - ભૂપેન્દ્ર શાહ

1		2	3		4	
		5				
6				7		8
		9				
	10			11		
12		13	14			
15					16	

આડી ચાવી

1. ઘરમાં બધો વખત રહી કામ કરનાર નોકર (4)
4. દીકરો, બેટો (2)
5. વીસ ઘા કાગળનું બંડલ (અં) (2)
6. વર કે વહુની માતા (2)
7. ખભે બોજો ઉપાડવાની તુલા (3)
9. ફૂંપળ, પાંદડું (3)
10. આદત, લત, વ્યસન (2)
11. આંખે આવતાં ચક્કર-અંધાર (3)
13. મોટો ઢોલ (3)
15. ભમરડો ફેરવવાની દોરી (2)
16. જકાત લેવાનું થાણું (2)

ઊભી ચાવી

1. ભયંકર યુદ્ધ, તોફાન (4)
2. સુરતની વખણાતી એક મીઠાઈ (2)
3. ખેલાડીઓની ટુકડી (અં) (2)
4. મસાલાવાળો ભાત (3)
7. છળ, પ્રપંચ, કારસ્તાન (4)
8. હવામાં ઊડતા ધૂળના ગોટાનો સમૂહ (3)
9. હવા, સમીર, વાયરો (3)
12. જેવો રાજા એવી ..... (2)
14. બેસવાના માપનું નાનું ગાદલું (2)

આડી ચાવી: 1. ઘરઘાટી 4. પુત્ર 5. રીમ 6. સાસુ 7. કાવડ 9. પલ્લવ 10. ટેવ 11. તમરી 13. નગારું 15. જાળ 16. નાકું
ઊભી ચાવી: 1. ધમસાણ 2. ઘારી 3. ટીમ 4. પુલાવ 7. કાવતરું 8. ડમરી 9. પવન 12. પ્રજા 14. ગાદી

ક્યૂટ કાર્ટૂન - જામી

અનુસંધાન

તડ ને ફડ

ઈતિહાસનો આંકડો પણ સમજવામાં તદ્દન ઢ ગણાય તેવા રાજકીય આગેવાનો શહેનશાહ અકબર અને મહારાણા પ્રતાપની મહત્તાની ચર્ચા કરે તેમાં આક્રોશનું પ્રમાણ વધી જાય તે સ્વાભાવિક છે. ભારતના ગૃહપ્રધાન રાજનાથ સિંહ કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથનાં નિવેદનોમાં અભ્યાસ ઓછો અને આક્રોશ વધારે છે. પશ્ચિમના ઈતિહાસ લેખકો જગતના કેટલાક નાના-મોટા રાજવીઓ માટે મહાન શબ્દનો પ્રયોગ કરે છે. મેસિડોનિયાનો સિકંદર, ભારતનો અકબર, પ્રુશિયાનો ફ્રેડરિક, રશિયાની કેથેરાઈનના દાખલાઓ આપી શકાય. આ વ્યક્તિઓ માટે ગ્રેટ શબ્દનો વપરાશ યોગ્ય છે કે નથી તેની ચર્ચા ઈતિહાસના વિદ્વાનોમાં થતી રહે છે, પણ રાજવીઓનાં મૂલ્યાંકન ધર્મના આધારે થઈ શકે નહીં. રાજનાથ સિંહ અને યોગી આદિત્યનાથની શોકાંતિકા (ટ્રેજેડી) એ છે કે તેમની મૂર્ખાઈ પણ તેમની પોતાની મૌલિક મૂર્ખાઈ નથી. ભારતના ઈતિહાસમાંથી આઠસો વર્ષની મુસલમાની રાજવટને ભૂંસી નાખવી અને તમામ મુસલમાનોને ભારતીય રાષ્ટ્ર પર આક્રમણ કરનાર તરીકે વગોવવાનો અભિગમ સંઘપરિવારે પોતાના સમગ્ર જીવનકાળમાં અપનાવ્યો છે.

વિહાર

કેમ? કેમ આપણું લોહી ઊકળી ઊઠતું નથી? ઠંડું પડી ગયું છે? ડર લાગે છે? નબળા પડી ગયા છીએ? થયું છે શું? એક ગુજરાતી તરીકે આપણું લોહી ઊકળી ઊઠતું નથી. જ્યારે અખિલેશ જેવો અદકપાંસળી, ગુજરાતીઓ શહીદ થતા નથી એવું કહી જાય છે. ભારતીય તરીકે લોહી ઊકળી ઊઠતું નથી જ્યારે પાકિસ્તાનીઓ આપણા જવાનોનાં માથાં કાપી જાય છે અને આતંકવાદીઓએ હત્યા કરેલા ફૌજી અધિકારીની અંતિમયાત્રા પર પથ્થરમારો થાય છે. માણસ તરીકે લોહી ઊકળી ઊઠતું નથી જ્યારે માનવતાને નેવે મૂકવામાં આવે છે. કાં તો આપણું લોહી ગરમ થવાનું ભૂલી ગયું છે અને કાં એમાં તાકાત જ નથી રહી. બાકી મજાલ શું છે મુઠ્ઠીભર આતંકવાદીઓ કે નકસલવાદીઓની કે સવા અબજથી વધુ વસ્તીના દેશમાં હાહાકાર મચાવી શકે?

પહેલી વાત આપણી ગુજરાતીઓની એક છાપ છે, ગુજરાતીઓ ઢીલાં, પોચાં, નબળાં, મોળાં હોવાની, બીકણ-ફોસી હોવાની, ગુજરાતી માર્શલ જાતી નથી એવું મેણું છે. ગુજરાતમાં શૌર્ય નથી, બુદ્ધિ છે એવું સ્થાપિત થઈ ગયું છે. બધી માન્યતાઓ માત્ર છે અને આપણે માન્યતાઓ સાચી સાબિત થાય એવા કામ કરતા રહીએ છીએ. અખિલેશ

નીલે ગગન કે તલે

સૌથી પહેલાં પ્રતીકબાબુને હસ્તમર્દન. પછી તે હસ્તમાં એક તાળી. 'નાઈફ' મીન્સ કે ન્યુ યોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવાલ (NYIFF 2017)માં પ્રસ્તુત નેશનલ એવોર્ડ વિજેતા 'રોંગ સાઈડ રાજુ' ફિલ્મે મનહર-દેસાઈ-નિરૂપા-રાયથી માંડીને પાઘડીવાળાં ગુજરાતી ચલચિત્રોના કૂપમાંથી છલાંગ મારીને ઈન્ટરનેશનલ નકશામાં પોતાની ટાંકણી ખોસી દીધી છે. જયેશ મોરે, આસિફ બસરા, કવિ શાસ્ત્રી, પુનીવાલા, ફોરેનની લડકી બધું સુપર ફાઈન, સરકારી વકીલ સાહબ સિદ્ધાર્થ રાંદેરિયા અફલાતૂન, ગરબાનો ડાન્સ, તેનું સોંગ, કલરિંગ કોશ્ચ્યુમ્સ, ભાઈ વાહ! પણ આ સર્વની કરોડરજ્જુ છે પ્રતીક ગાંધી. વિધવિધ મજબૂતોથી છિતરાયેલા આ ચલચિત્રની મંડળીના મગજમાં નવું કશુંક કરવાની આગ ભડકા મારતી દર્શાય છે. ગુજરાતી ભાઈબહેનોને ભલામણ કે ગો સી ધિસ ફિલ્મ, જસ્ટ ફોર ગ્રેટ ફન.

હવે બે કડવા બોલ: આ ફિલ્મમાં જુદા જુદા હિંમતબાજ લોકોએ બનાવેલા અસંગત ટુકડાઓ જોડાયેલા છે. સીને સીને નઠારા જોક્સ, પોલીસખાતાની કૂકી-કટર રજૂઆત, બદમાશ માલદારોની તુમાખી, બિગડે દિલ શહજાદેની સીનાજોરી, લવરોની પ્રિડિક્ટેબલ ક્વારલો, હીરોનું ભોલાપન, સાઈડ કિક્સની બટકબોલાઈ, નાજનીન હીરોઈનની માસૂમિયત વગેરે પૂર્વે જોયેલાં છે, છેલ્લી મિનિટોનો હેરપિન ટર્ન ફિલ્મના હેંહે લાલા લહેરીપણા સાથે બંધબેસતો નથી. તે ટર્નમાં અપાયેલી સમજૂતીમાં છિદ્રો છે.

હાલાંકિ પૂર્વે જે જોયું નથી તે ગુજરાતી ફિલ્મોમાં આવી મીસ્ટરી ઈસ્ટોરી! એવો હેરપિન ટર્ન લાવવાની ડેરિંગ હવે ગુજરાતી ફિલ્મોવાલાઓને આવે છે, તે હકીકત, તે બીના, મહાઉત્તેજક છે, હેલો! ખુરશીમાંથી ઊભા કરી દે તેવી હર્ષજનક છે. સસ્પેન્સ થ્રિલરો ગગનવાલાનો આહાર છે.

મનદુરસ્તી

'ડૉક્ટર, રુચિતના બિહેવિયરનું કંઈક કરવું પડશે.' પત્ની સંજનાએ વાત શરૂ કરી.

'દિવસ ઊગે ત્યારથી એ એટલો બધો બિઝી હોય છે કે વાત ન પૂછો. એની હાઈપર એક્ટિવનેસના લીધે અમારે પણ ખેંચાવું પડે છે. સવારથી જ ફોન ચાલુ થઈ જાય. ઘરમાં બધી જ વસ્તુઓને ગોઠવ-ગોઠવ કર્યા કરે. નોકરો જોડે માથાકૂટ કરે. એને રસોઈમાં રોજે કંઈક તો ખામી દેખાય જ. મહારાજને એટલી બધી સૂચનાઓ આપે કે અમારે એક મહારાજ વધુમાં વધુ મહિનો જ ટકે અને ઘરકામ કરનાર લોકો પણ કંટાળીને જતા રહે. મારો એન્જિનિયરિંગમાં ભણતો દીકરો તો શહેરમાં એડમિશન મળતું હોવા છતાં બહારગામ હોસ્ટેલમાં જ રહે છે. નાની દીકરી દસમા ધોરણમાં છે એનું પણ રોજે એક વખત તો આવી જ બને.'

'બિઝનેસમાં પણ ફેક્ટરીનો સ્ટાફ તોબા પોકારી ગયો

ડૉક્ટરની ડાયરી

અંશુલ એન્જિનિયરિંગના ફાઈનલ વર્ષમાં ભણતો હતો. એનાં મમ્મી-પપ્પાએ છોકરીઓ શોધવાનું શરૂ કર્યું. એની જ્ઞાતિ સામાજિક અને આર્થિક દૃષ્ટિએ વિકસિત ન હોવાથી કન્યા-શિક્ષિત ખાસ જોવા મળતી ન હતી. એટલે જે દસ-બાર કન્યાઓનાં માગાં આવ્યાં તે બધી કન્યાઓ સાતમા ધોરણથી અગિયારમા ધોરણ સુધીમાં ઝોલાં ખાતી હતી.

એમાં જાણે નસીબ આડેનું પાંદડું ઊઘડી ગયું! અંશુલ માટે એક ડોક્ટર થયેલી છોકરીની વાત આવી.

અંશુલ એનાં મમ્મી-પપ્પાને લઈને છોકરીને જોવા માટે એનાં ઘરે જઈ પહોંચ્યો.

'પધારો! પધારો! બરાબર સમયસર આવી ગયા.' બે હાથ જોડીને જનકભાઈએ છોકરા પક્ષને આવકાર આપ્યો.

અંશુલનાં પપ્પા-મમ્મી તો બંગલો જોઈને જ આભા બની ગયાં. અંશુલના પપ્પા અશોકભાઈએ તો પૂછી પણ માર્યું, 'વાહ! આટલો સુંદર બંગલો? સારું કમાયા લાગો છો!'

'હા, હું અને પ્રભાવીની મમ્મી બંને ક્લાસ વન ઓફિસર્સ છીએ. ખૂબ સારો પગાર મળે છે. અમારે સંતાનમાં માત્ર એક દીકરી જ છે અને બીજા કોઈ ખોટા ખર્ચાઓ નથી. એટલે સારી રીતે જીવી શકીએ છીએ.'

અશોકભાઈ સોફામાં બિરાજ્યા. ડ્રોઈંગ રૂમમાં ઝીણવટથી બધું અવલોકી રહ્યા. એમના મનમાં અનાયાસ સરખામણી થઈ રહી હતી. પોતાનું મકાન ભાડાનું હતું, નાનું હતું, સાવ ખખડી ગયેલું રાચરચીલું, જૂના પડદા, માંડમાંડ હપ્તેથી લીધેલું એક નાનું ફ્રીઝ અને એક દીકરો-ચાર દીકરીઓ સમેત સાત સભ્યોનો પરિવાર.

એની સામે જનકભાઈનું નાનું કુટુંબ, સુખી કુટુંબ હતું. એકની એક દીકરી. એ પણ તાજી જ એમ.બી.બી.એસ. થયેલી. સાંભળ્યું હતું કે પ્રભાવી સૌંદર્યવાન પણ હતી. જ્યારે પોતાનો અંશુલ શામળો અને લાંબો, પાતળો, ટેઢોમેઢો હતો.

એન્જિનિયરિંગ ડિગ્રી પણ ઉચ્ચ જ ગણાય, પણ પ્રવેશ મેળવવા માટે મેરિટની વાત અને સિલેબસની વાત કરીએ તો એમ.બી.બી.એસ.ની ડિગ્રીનું સામાજિક વજન બીજી તમામ ડિગ્રીઓ કરતાં સહેજ ચડી જાય છે. સામાન્ય રીતે ડોક્ટર બનેલી યુવતી ડોક્ટર યુવાનનો જ આગ્રહ રાખતી હોય છે. ખબર નહીં કે આ છોકરી અંશુલ માટે હા પાડશે કે નહીં?

આવી સરખામણી ભીતરમાં ચાલતી રહી અને બાહ્ય રીતે દુનિયાદારીની વાતો ચાલતી રહી. જનકભાઈ જ વાતવાતમાં

લઘુકથા

આ તો અમેરિકાથી બે દીકરી અને જમાઈએ પૈસા મોકલ્યા એટલે, પણ તો પણ આપણે તો લાંબો વિચાર કરીને જ કામ કરવાનું. આપણા નાના શહેરની ડીલરશિપમાં જામે નહીં. છેક મુંબઈથી વોલ્વો લઈ આવ્યો. અહીં પણ છેલ્લાં બે વર્ષથી ગાડીને પેલા યજ્ઞેશનું ગેરેજ છે ત્યાં જ આપવાની. લાંબો વિચાર કરીને હોશિયાર મિકેનિકનું ગેરેજ પસંદ કર્યું છે. આ સુહાની જ ગાડી લઈ જાય એના ગેરેજમાં દર ત્રણ મહિને. મહેમાનને ચા-નાસ્તો આપવા આવેલી સૌથી નાની દીકરી સુહાની તરફ જોતાં વિરાટભાઈ બોલ્યાં. થોડીક શામળી એવી સુહાનીએ પીઠ ફેરવી અને વિરાટભાઈથી એક નિસાસો નખાઈ ગયો. મોટી અને વચલી દીકરી તો દેખાવે સુંદર હતી અને બન્ને સારું ભણી હતી, એટલે જ તો બન્ને દીકરી માટે અમેરિકાના મૂરતિયા મળી ગયા હતા. દેખાવે સાધારણ એવી સુહાની માંડ માંડ ગ્રેજ્યુએટ થવા પામી હતી.

પણ વિરાટભાઈના આશ્ચર્ય વચ્ચે, અમેરિકાસ્થિત વચેટ દીકરીના ભારત આવેલા કોઈ મિત્રે સુહાનીને એક જ નજરમાં પસંદ કરી લીધી હતી. વિરાટભાઈના તો બત્રીસે કોઠે